
# Winnipeg (વિનિપિંગ) પબ્લિક લાઇબ્રેરીમાં આપનું સ્વાગત છે

પબ્લિક લાઇબ્રેરી (જાહેર પુસ્તકાલય) એવી જગ્યા છે જ્યાં દરેક વ્યક્તિ આવકાર્ય છે. લાઇબ્રેરીમાં તમે અને તમારા કુટુંબીજનો માહિતી શોધી શકો છો; વાંચી શકો છો, હળવા થઈ શકો છો કે અભ્યાસ કરી શકો છો; પ્રશ્નો પૂછી શકો છો; કોઈ કાર્યક્રમમાં હાજર રહી શકો છો; પુસ્તકો, ફિલ્મો, સંગીત અને ઘણું બધું ઉછીનું લઈ શકો છો!






**Sir William Stephenson Library**
204-986-7070 • 765 Keewatin St.

**St. John's Library**
204-986-4689 • 500 Salter St.

**Harvey Smith Library**
204-986-4677 • 999 Sargent Ave.

**St. James-Assiniboia Library**
204-986-5583 • 1910 Portage Ave.

**Westwood Library**
204-986-4742 • 66 Allard Ave.

**Millennium Library**
204-986-6450 • 251 Donald St.

**Charleswood Library**
204-986-3072 • 6-4910 Roblin Blvd.

**Bill & Helen Norrie Library**
204-986-4936 • 15 Poseidon Bay

**Cornish Library**
204-986-4680 • 20 West Gate

**Fort Garry Library**
204-986-4918 • 1360 Pembina Hwy.

**Pembina Trail Library**
204-986-4369 • 2724 Pembina Hwy.

**West Kildonan Library**
204-986-4386 • 365 Jefferson Ave.

**Henderson Library**
204-986-4314 • 1-1050 Henderson Hwy.

**Munroe Library**
204-986-3736 • 489 London St.

**Transcona Library**
204-986-3950 • 1 Transcona Blvd.

**Bibliothèque de Saint-Boniface**
204-986-4331 • 100-131 boul. Provencher

**Osborne Library**
204-986-4775 • 625 Osborne St.

**Windsor Park Library**
204-986-4949 • 1195 Archibald St.


**St. Vital Library**
204-986-5628 • 6 Fermor Ave.

**Louis Riel Library**
204-986-4573 • 1168 Dakota St.

**ડિજિટલ લાઇબ્રેરી**
ઇબુક્સ, ઓડિયોબુક્સ, સ્ટ્રીમિંગ મૂવીઝ અને મ્યુઝિક, અને ઓનલાઇન શિક્ષણની 24/7 પહોંચ.
**winnipeg.ca/library**

**આઉટરીચ સર્વિસીસ**
204-986-5580
મોબાઇલ સામુદાયિક કાર્યક્રમો, પ્રસ્તુતિઓ.

લાઇબ્રેરીના હાલના કામકાજના કલાકો માટે વેબસાઇટ **winnipeg.ca/library** જુઓ, અમારી ઍપનો ઉપયોગ કરો, અથવા ફોન કૉલ કરો.




## લાઇબ્રેરી કર્મચારીઓ બધાં પ્રકારના પ્રશ્નોના જવાબો શોધવામાં તમને મદદ કરી શકે છે. બસ પૂછો!

### તમારી નજીકની લાઇબ્રેરી શોધી કાઢવા:

- Winnipeg પબ્લિક લાઇબ્રેરીની વેબસાઇટ અહીં જુઓ, winnipeg.ca/library
- Winnipeg પબ્લિક લાઇબ્રેરી ઍપનો ઉપયોગ કરો
- 204-986-6450 નંબર પર કૉલ કરો


@wpglibrary formerly twitter
@winnipegpubliclibrary (Instagram)
@winnipegpubliclibrary (Facebook)
winnipegpublibrary (YouTube)



## ideaMILL

ideaMILL (આઇડિયામિલ) માર્કેટપ્લેસ મિલેનિયમ લાઇબ્રેરીના 3જા માળે આવેલું છે. આ જગ્યા પ્રોજેક્ટ્સ પર કામ કરવા માટે છે અને કોમ્પ્યુટર્સ અને સોફ્ટવેર, 3D પ્રિન્ટર્સ, સિલાઈ મશીનો, ફોટોગ્રાફી અને વીડિયો સાધન, રેકોર્ડિંગ કરવા માટેના સાઉન્ડ બૂથ્સ, અને ઘણી બધી વસ્તુઓ સુધી પહોંચ અપાવે છે.

## એક લાઇબ્રેરી કાર્ડ મેળવવું




- Winnipeg ની કોઇપણ પબ્લિક લાઇબ્રેરી શાખાની મુલાકાત લો.
- Winnipeg શહેરવાસીઓને લાઇબ્રેરી કાર્ડ્સ મફતમાં મળે છે. તમારા કુટુંબના દરેક સભ્ય પોતાનું કાર્ડ મેળવી શકે છે.
  - ઓળખપત્ર જેમ કે Manitoba (મેનિટોબા) હેલ્થ કાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ, અથવા તમારું નામ અને હાલનું સરનામું ધરાવતું યુટલિટિ બિલ લાવો.
  - તમે એક સીમિત લાઇબ્રેરી કાર્ડ મેળવી શકો છો જો તમારી પાસે ઓળખપત્ર ના હોય.

## તમારા લાઇબ્રેરી કાર્ડથી

- તમે Winnipeg પબ્લિક લાઇબ્રેરીની 20 પૈકી કોઇપણ શાખામાંથી વસ્તુઓ ઉછીની લઈ શકો છો.
- તમે અને તમારું કુટુંબ પુસ્તકો, સંગીત, વીડિયો ગેમ્સ, ફિલ્મો અને ઓડિયોબુક્સ ઉછીની લઈ શકો છો. તમે દ્વિભાષી પુસ્તકો અને 20 ઉપરાંત ભાષાઓમાં પુસ્તકો ઉછીના લઈ શકો છો (મોટાભાગના મિલેનિયમ લાઇબ્રેરીમાં ઉપલબ્ધ છે).
- તમે મોટાભાગની વસ્તુઓ 21 દિવસો માટે ઉછીની લઈ શકો છો. તમે એક સમયે 100 જેટલી વસ્તુઓ ઉછીની લઈ શકો છો. સીમિત કાર્ડધારકો એક સમયે 2 જેટલી વસ્તુઓ ઉછીની લઈ શકે છે.
- તમે ઉછીની લીધેલી વસ્તુઓ કોઇપણ શાખામાં પરત કરી શકો છો. બધી શાખાઓ આફ્ટર-અવર્સ (કામકાજ પછીના સમયે) રિટર્ન્સ કરવામાં પુસ્તક પરત લે છે.

## લાઇબ્રેરીમાં

- તમે લાઇબ્રેરીની કોઇપણ શાખામાં મફત WiFi (વાઇફાઇ) અને ઇન્ટરનેટ કોમ્પ્યુટર્સનો ઉપયોગ કરી શકો છો.
- લાઇબ્રેરીઓમાં બાળકો, પુખ્ત ઉંમરની વ્યક્તિઓ અને કુટુંબો માટે કાર્યક્રમો અને આયોજનો થાય છે. તમે અંગ્રેજી વાતચીત સમૂહો, બુક ક્લબ્સ, સ્ટોરી ટાઇમ્સ, કોમ્પ્યુટર વર્ગો, અને ઘણાંમાં હાજર રહી શકો છો. તમારી લાઇબ્રેરીમાં થતા કાર્યક્રમો વિશે તેઓને પૂછો. તમારે નોંધણી કરાવવાની જરૂર પડી શકે. લાઇબ્રેરીના બધાં કાર્યક્રમો મફત હોય છે.
- ઓનલાઇન સંસાધનો પણ અહીં ઉપલબ્ધ છે, winnipeg.ca/library તમે પુસ્તકો, સામયિકો સાંભળી અને વાંચી શકો છો, અને ફિલ્મો નિહાળી શકો છો.
- બધી 20 શાખાઓમાં ફ્રેંચ ભાષામાં પુસ્તકો છે. St. Boniface (સેઇન્ટ બોનિફેસ) લાઇબ્રેરી ફ્રેંચ અને અંગ્રેજી બંનેમાં સેવાઓ અને કાર્યક્રમો આપે છે.

## જો તમને તમારી વસ્તુઓ લાંબા સમય માટે જોઇતી હોય, તો:

- તમે તમારી વસ્તુઓ રિન્યુ કરાવવાનો પ્રયત્ન કરી શકો છો જો તમને તે લાંબા સમય માટે રાખવાની જરૂર હોય:
  - વેબસાઇટ winnipeg.ca/library પર માય એકાઉન્ટમાં લૉગ-ઇન થાવ
  - Winnipeg પબ્લિક લાઇબ્રેરી ઍપ ડાઉનલોડ કરો
  - લાઇબ્રેરી કર્મચારીઓને તમારી વસ્તુઓ રિન્યુ કરવા કહો
  - અમારી ટેલિમેસેજીંગ સર્વિસને 204-986-4657 (Winnipeg માં) અથવા 1-866-826-4454 નંબર પર (Winnipeg બહારથી, ટોલ-ફ્રી) કૉલ કરો

અમે ઓવરડ્યુ દંડ વસૂલતા નથી. કૃપા કરી વસ્તુઓ સમયસર પરત કરશો. તમે પરત ન કરેલી, અથવા ક્ષતિમય પરત કરેલી વસ્તુઓ માટે રિપ્લેસમેન્ટ કોસ્ટ (તબદીલી ખર્ચ) તમારી પાસેથી વસૂલવામાં આવશે.




લાઇબ્રેરી બાળકો સાથે મુલાકાત લેવાનું એક ઉત્તમ સ્થળ છે. લાઇબ્રેરીના બાળકો અને કુટુંબીજનો માટેના મફત કાર્યક્રમો વિશે કર્મચારીઓને પૂછો.